

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ઉછેર્યા છે અજગર શાળાના રાફડા સ્થાપી ને,*
*ને પંપાળ્યા ખૂબ એમને ગ્રાંટના દૂધ આપીને,*
*કાપી નાક હવે કરે દર્શન દે કોર્ટ - ધમકી...*
*કરે છે નાટક 'બાપુ' ઠારવાનું આગ ચાંપી ને -*
*(લાગણીશીલ 'બાપુ' ને - સંચાલકો ભરાવે શીંગડાં)*

### હાઈકુ

*મોંઘવારીનાં*
*શોધ્યા કરે ઉપાય -*
*વિદેશે જઈ...*

*'ફી'ના ત્રાજવે,*
*શિક્ષણ બજારમાં -*
*વેંચાસે વિદ્યા...*

### ચિંતન

*બિન ગુરુ જ્ઞાને દુંદુભો, ખસમ કહી મિલિ વાત ।*
*જુગ જુગ કહવૈયા કહૈ, કાહુ ન માની બાત ॥*

**ઉપરોક્ત સાખી કબીર બીજક ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.**

**સાચા ગુરુના ઉપદેશ વિનાનાં જ્ઞાનથી જીવો જન્મ-મરણના ફેરામાં પડ્યા, બધાએ મળીને ખરેખર જે ઈશ્વર નથી, તેને ઈશ્વર માન્યા, સદ્‌ગુરુ તો કહે છે, યુગ-યુગથી પણ તેમની વાત કોઈએ સાંભળી નહીં.**

**જીવોને જન્મ-મરણના ફેરામાં અટવાયા કરવું પડે છે, કારમ કે તેમને સાચા ગુરુ તરફથી માર્ગદર્શન મળ્યું નથી, બધાએ મળી જે ઈશ્વર ન હતા તેને ઈશ્વર તરીકે ગણ્યા પણ તેમને યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થયું ન હોવાથી જેમના મનમાં જે આવ્યું તેણે તેને પરમેશ્વર તરીકે ગણાવ્યું. પરિણામે લોકોનો મોટો સમુદાય અનીશ્વર ને જ ઈશ્વર તરીકે માનવા લાગ્યો. જેથી કોઈ ના પણ ઉપદેશમાં એકતા ન જળવાઈ અને પરસ્પર વિરોધી અને રાગદ્વેષ વધી ગયી.**

### સુવિચાર

- સંત મહાત્માઓ ના મગજમાં પણ મૂર્ખાઈની જગા હોય છે - **એરિસ્ટોટલ**
- મુખે નારાયણનું નામ અને હાથે પ્રાણી માત્રની સેવાનું કામ - **જ્ઞાનેશ્વર**
- જે પરમેશ્વર પર વિશ્વાસ રાખે છે નેક કામ કરે છે તે મુસલમાનની વ્યાખ્યા છે - **વિનોબા ભાવે**
- રસ્તો શોધી કાઢ અને ન જડે તો નવો રસ્તો પાક - **કવિ ન્હાનાલાલ**
- લશ્કરી સૈનિકનું અસ્તિત્વ એ મનુષ્યમાં હજી જંગલીપણું બાકી છે તેનો પુરાવો છે - **બર્નાડ શો**
- એક મશીન પચાસ સાધારણ માણસોનું કામ કરશે,
  પણ કોઈ મશીન એક અસાધારણ માણસનું કામ નહિ કરી શકે - **આલ્બર્ટ હુબાર્ડ**
- આજનું ઔષધ : ત્રણ ગ્રામ મેથીનું ચૂર્ણ સવાર સાંજ ગોળ અને નવશેકા પાણી સાથે લેવાથી કબજિયાત મટે છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

લંડનની રોયલ એકેડમી ઑફ આર્ટ્સના મુખ્ય ખંડમાં કેટલાક ચિત્રો લગાડવાના હતા. દેશવિદેશના ઢગલાબંધ ચિત્રકારોમાંથી પસંદગી કરવાની હતી. એક ઉગતા ચિત્રાકરનું ચિત્ર જોઈ રોયલ એકેડેમીના વડા પીટર સ્મીથ બોલ્યા, 'આ ચિત્ર તો ખૂબ સરસ છે પણ હવે એને લટકાવવું કયાં ??, કારણ કે તો ખંડની ભીંત પર જગ્યા જ બાકી વધી નથી.'

ત્યારે ઈંગ્લેન્ડના મશહૂર ચિત્રકાર ટર્નરે પીટરની વાત સાંભળી અને કહ્યું, 'પીટર મહાશયને ઉગતા કલાકારનું ચિત્ર ગમ્યું છે તો તેને માટે જગ્યા થઈ જશે.' પીટર સ્મીથે પૂછ્યું, 'જગ્યા કયાં છે ??' તરત જ ટર્નરે પોતાનું એક ચિત્ર ખંડમાંથી હટાવી લીધું અને કહ્યું, 'મિ. પીટર, ઉગતા કલાકારને સ્થાન મળવું જ જોઈએ. અને એની પ્રતિભાને આગળ વધારવાની પહેલી ફરજ આપણા જેવા પીઢ કલાકારોની છે.'

પીટર સ્મિથે મહાન ચિત્રકાર ટર્નરની નિખાલસ ખેલદીલીના વખાણ કર્યા.

# ચૂંટાયેલી સરકાર સામે કિરણ બેદીના બખાળા

**તંત્રીસ્થાનેથી...**

કિરણ બેદી જેનું નામ! એ કોઈ પણ વયે અને કોઈ પણ સ્થિતિમાં પોતાનું વજૂદ દર્શાવ્યા વગર રહ્યાં નથી. કિશોરવયે બોયકટ વાળ કપાવીને પોતે દીકરી તરીકે અવતર્યાં એટલે પરંપરાગત મર્યાદાઓના નામે બંધનમાં રહેવું તેનો એમને સખત વિરોધ કર્યો. ભણી ગણીને છેક પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી પરંતુ પ્રોફેસર બની ચાર દીવાલોવાળાં વર્ગખંડમાં કે ચેમ્બરમાં આરામની જિંદગી ગુજારવાનું એમને નહોતું ગમ્યું. સ્ત્રીઓ માટે વર્જ્ય ગણાયા કાર્યક્ષેત્ર પર જ પસંદગી ઉતારી અને ધરાર દેશનાં પ્રથમ મહિલા આઈપીએસ બનીને જંપ્યા. તેઓ જાણતાં હતા કે પુરુષો માટે અનામત ગણાતું રહેતું પોલીસ દળ એમને દિલથી કયારેક નહીં સ્વીકારે. પરંતુ પોતાની કુનેહ અને મનોબળ ઉપરાંત દૃઢ ઈચ્છાશક્તિના જોર પર પ્રજાસત્તાક દિનની પરેડ પર ધસી આવેલા ખાલિસ્તાની આતંકવાદીઓનો એમણે એકલા હાથે સામનો કરી તત્કાલીન વડાપ્રધાન ઈંદિરા ગાંધીના દિલમાં ખાસ જગા સુનિશ્ચિત કરી લીધી હતી. કિરણ બેદીને એમનો પોલીસ વિભાગ ડગલે ને પગલે કનડતો રહ્યો. તિહાડ જેલને આશ્રમમાં ફેરવી દેવાના વિશિષ્ટ કાર્ય બદલ એમને રોમન મેગસેસે એવોર્ડથી નવાજવામાં આવ્યા પણ ઘર આંગણે એમની વધુ પડતી પ્રોએક્ટિવ કામગીરી જ એમની કારકિર્દીને અડચણરુપ બનતી રહી. દિલ્હી પોલીસ કમિશનર તરીકે વિભાગમાં સૌથી સિનિયર હોવા છતાં એમને બાજુએ હડસેલી દેવાયાં ત્યારે સ્વમાની કિરણ બેદીએ વહેલી નિવૃત્તિ લઈ પોતાના સામાજિક સેવાકાર્યોમાં ખૂંપી જવાનું નક્કી કર્યું હતું. તે પછી કિરણ બેદી દેશ અને દુનિયા સમક્ષ એક નામાંકિત સેલિબ્રિટી તરીકે લાઈમ લાઈટમાં રહેતાં આવ્યાં છે. અણ્ણા હજારે અને અરવિંદ કેજરીવાલના જનલોકપાલ આંદોલનમાં એ મોખરે રહ્યાં પરંતુ એમનો અહં એમને કેજરીવાલની સર્વોચ્ચતા સ્વીકારવામાં નડ્યો, પરિણામે જે નહોતું કરવા જેવું તે કરી બેઠાં. એ ભારતીય જનતા પાર્ટીના પ્રલોભનમાં ફસાઈને દિલ્હીની વિધાનસભાની ચૂંટણી લડ્યાં, જેમાં ઊંધે માથે પટકાતાં એમને ધોળે દિવસે તારા જોવા વારો આવ્યો. તે વખતે પોતે રાજકારણમાં પડ્યાં તે ગંભીર ભૂલ હતી એવી કબૂલાત પણ કરી, અને ફરી કયારેય ચૂંટણી નહીં લડે એવું નિવેદન પણ કર્યું, પરંતુ એમની ભીતર ધધકતી મહત્ત્વાકાંક્ષાએ ફરી એક વાર એમને રાજકારણના કાદવમાં ખૂંપવા મજબૂર કર્યા. પુડુચેરીના ઉપરાજયપાલનો હોદ્દો સ્વીકારીને કિરણ બેદીએ એમની રહી સહી વિશ્વસનીયતા પર જાતે જ કૂચડો ફેરવી દીધો એમ કહેવામાં ભાગ્યે જ કોઈ અતિશયોક્તિ લેખાશે. પુડુચેરી દિલ્હી જેવું જ અધુરુંપધુરું રાજય છે. ચૂંટાયેલી કોંગ્રેસી સરકારના વરાયેલા મુખ્યમંત્રી નારાયણ સામી કેન્દ્રીય મંત્રી તરીકેની જવાબદારી સંભાળી ચૂકેલા વરિષ્ઠ નેતા છે. કિરણ બેદીએ એમની સામે શિંગડાં ભરાવીને પોતાના જ પગ પર કુહાડો માર્યો છે. તેઓ ઉપરાજયપાલની મર્યાદાઓ ચૂકીને ચૂંટાયેલી લોકપ્રિય સરકારના કામમાં દખલ કરવા લાગ્યાં છે તેની સામે પુડુચેરી વિધાનસભામાં ભારે વિરોધ વંટોળ ઊભો થવા પામ્યો છે. વિધાનસભા સર્વાનુમતે એમને પાછાં બોલાવી લેવાનો પ્રસ્તાવ પસાર કરવાની તૈયારી કરી રહી છે ત્યારે પણ કિરણ બેદી સમાધાનની ભાષા બોલવાને બદલે પોતે રબર સ્ટેમ્પ ઉપરાજયપાલ નહીં બની શકે, એવો હુંકાર ભરે છે. ચૂંટાયેલી રાજય સરકાર વિપક્ષની હોવા છતાં લોકશાહીની રુએ એને મળેલા બંધારણીય અધિકારો પર તરાપ મારવાની કિરણ બેદીની ચેષ્ટાને કેન્દ્ર સમર્થન આપશે કે કેમ તે જોવું રસપ્રદ બની રહેશે. દિલ્હીમાં નજીબ જંગ અને કેજરીવાલની લડાઈમાં કેન્દ્રમાં સીધું સંડોવાયેલું હતું. એમની વચ્ચે જેવો જંગ ચાલ્યો હતો એવો જ બલકે એથી પણ વધુ રોચક જંગ પુડુચેરીમાં મુખ્યમંત્રી વી. નારાયણ સામી અને ઉપરાજયપાલ કિરણ બેદી વચ્ચે શરુ થઈ ચૂક્યો છે. જો કે નારાયણ સામી કેજરીવાલ જેવા અપરિપકવ નેતા નથી. વિપક્ષ સહિત સમસ્ત વિધાનસભા પણ કિરણબેદીની વિરુદ્ધ છે કારણ કે એમણે સ્પીકર સામે પણ મોરચો માંડ્યો છે.

# એક ચીજ લેવાની રહી ગઈ




આંખોમાં ભરેલાં આંસુ અને ભારે હૈંયે રમા મજૂરોને ઘરમાંથી આસાન કાઢી કાઢીને ટ્રકમાં ગોઠવતાં જોઈ રહી હતી.

જેટલીવાર તે હાથમાં કોઈ ચીજ વસ્તુ લે અને જોવા લાગે એટલીવાર દીકરો રજની તેની પાસેથી પસાર થતો ત્યારે તેને એમ લાગ્યું કે જાણે કોઈ તેનો જીવ કાઢી રહ્યું છે.

તેને મોહ સામાનમાં વધુ નહોતો એટલો નાની પૌત્રી રીયાનો હતો. જેમાં ખરેખર તેનો જીવ ભરાઈ બેઠો હતો. પણ એ તો બે દિવસ પહેલાં જ તેની નાની ને ઘેર જતી રહી હતી. અને સામાન નવા ઘેર પહોંચે પછી સીધી ત્યાં આવવાની હતી.

ખરેખર તો પહેલાં દિવસતી જ શીલા વહુને આ ઘરે કે શેરી ગમતી જ નહોતી. તે સાથે કદાચ સાસુ પર ગમતી નહોતી, રમાએ ઘણી કોશિષ કરી છતાં તેની સાથે સામંજસ્ય સ્થાપી શકી ન હતી.

છેવટે ઓફિસમાંથી લોન લઈ એ લોકોએ એક પોશ વિસ્તારમાં ફલેટ ખરીદી લીધો અને... અને...

> **'બા, અમે આવતાં રહીશું' કહીને તેણે નીચે નમી મા ના ચરણસ્પર્શ કર્યા**

બા, તેણે ચોંકી જઈને ઉંચે જોયું સામે રજની ઊભો હતો. આંખમાં આંસુ હતાં.

માં હોવા છતાં તે પોતાના એકના એક લાડકા દીકરાની આંખમાં શું છે તે વાંચી ન શકી કે તેમાં શું લખ્યું છે. દોષિત ભાવ, દુઃખ કે મુક્ત થયાનો ભાવ.

'બા, અમે આવતાં રહીશું' કહીને તેણે નીચે નમી માં ને ચરણસ્પર્શ કર્યા. અને તે તેના માથે હાથ મુકે તે પહેલાં તે ચાલ્યો હતો.

'રજનીભાઈ, બરાબર જોઈ તો લીધું છે ને કંઈ લેવાનું રહી જતું નથી ને? પાસે ઉભેલ સંતોકબાઈએ કહ્યું ત્યારે તેણે જરા પાછળ ફરીને જોયું પછી બોલ્યો.' 'સંતોકબાઈ, રીયાની એક ટ્રાયસિકલ અને થોડાં રમકડાં છે... એ જૂના થઈ ગયાં છે. કોઈ જરૂરિયાતવાળાને આપી દે જો.'

ટ્રક ચાલવાનો અવાજ રમતા કાને અથડાયો. અત્યાર સુધી જબરજસ્તી રોકી રાખેલ આંશુ ઉભરાઈ આવ્યાં. અને તે તલસાટ સાથે બોલી, 'સંતોકબાઈ, તે રજની ને કેમ કહ્યું નહીં કે તેની એક ચીજ લેવાતી રહી ગઈ છે.'

તેની ઘરડી, બિમાર જૂની થઈ ગયેલી માં.

# રિલેશનશીપમાં બ્રેક-અપ અને વેક-અપ




હોલિવૂડની ખુબસૂરત અભિનેત્રી એન્જેલિના જોલી (જ.૧૯૭૫)એ એક વાર કહ્યું હતું કે "માનવીય સંબંધોમાંથી લાગણી, સંભાળ, કાળજી, ધ્યાન અને ઉષ્મા-હુંફની જો બાદબાકી થઈ જાય તો પછી એવા સંબંધો માત્ર જીવતી લાશ જેવા જ હોય છે. એમાંથી તમે કશું જ પ્રાપ્ત થવાની આશા રાખી શકો નહીં. માત્ર નફરત, તિરસ્કાર, ઘૃણા, દ્વેષ, ઈર્ષા અને આક્રોશની બદબૂ જ એમાંથી આવ્યા કરશે. એવા દુર્ગંધયુક્ત સંબંધની લાશ સાથે રહેવાના બદલે એને દફન કરી દો."

> **સંબંધોમાં તડ-જોડ કરવાનો કોઈ જ અર્થ નથી. જ્યારે તમે સંબંધનો ભાર પોતાના ખભે ઊંચકીને ચાલતા થાકી જાવ ત્યારે એવો ભાર વેઠ્યા કરવાનો કોઈ જ અર્થ નથી. એવા સંબંધ તોડી નાખવા જ બહેતર છે. સ્વામી વિવેકાનંદનો શબ્દ છે "વેક-અપ..." જેટલા વહેલા જાગૃત થવાય એટલું સારું.**

સંબંધોમાં તડ-જોડ કરવાનો કોઈ જ અર્થ નથી. જ્યારે તમે સંબંધનો ભાર પોતાના ખભે ઊંચકીને ચાલતા થાકી જાવ ત્યારે એવો ભાર વેઠ્યા કરવાનો કોઈ જ અર્થ નથી. એવા સંબંધ તોડી નાખવા જ બહેતર છે. સ્વામી વિવેકાનંદનો શબ્દ છે "વેક-અપ..." જેટલા વહેલા જાગૃત થવાય એટલું સારું. તમારા સંબંધ લાશ બનીને ગંધાઈ ઊઠે એ પહેલા તમારામાં જાગૃતિ આવે એ જરુરી છે. તમે જાગૃત બનીને એવા સંબંધોને ફગાવી દેવાની હિંમત કેળવો એ પણ ખુશહાલ જિંદગીની જરુરીયાત છે.

એન્જેલિના જોલીએ કબુલ્યું હતું કે તેના જીવનમાં ઘણા બધા પુરુષ આવ્યા. કોઈક પ્રેમના નામે આવ્યા અને છળ કરી ગયા. કોઈક પ્રેમ આપીને પણ ચાંદ-તારા બતાવતા ચાલ્યા ગયા. કોઈક વન-નાઈટ સ્ટેન્ડની જેમ પોતાની જરુરીયાત પુરી કરવાના સ્વાર્થથી આવ્યા અને ચાલ્યા ગયા. એન્જેલિના જોલીએ કહ્યું છે કે રિલેશનશીપનું મહત્વ સમજાય એ જ મોટી વાત છે. રિલેશનશીપમાં જો દમ ન હોય તો બ્રેક-અપ જ સૌથી સારી દવા છે. આ માટે તમારામાં જેટલી જલદી સમજ (જાગૃતિ) આવી જાય તેટલું બહેતર છે. બાકી તો અંધારીયા બેડરુમમાં રાતોની રાતો રડતા બેસી રહેવાથી તમને કોઈ બચાવી શકશે નહીં. તમારી મદદ તમારે જાતે જ કરવાની છે.

૪૦ વર્ષની એન્જેલિના જોલી આજે પણ હોલિવૂડની ફિલ્મોની હાઈએસ્ટ પેઈડ એક્ટ્રેસ છે. એ અભિનેત્રી અને નિર્માત્રી હોવા ઉપરાંત પરોપકારી અને માનવતાવાદી પણ છે. તેને એકેડમી એવોર્ડ સન્માન મળેલું છે. બે વખત સ્ક્રિન એક્ટર્સ ગિલ્ડ એવોર્ડ અને ત્રણ વાર ગોલ્ડન ગ્લોબ એવોર્ડ મળ્યા છે.

એન્જેલિનાએ સને ૧૯૯૬માં ૨૧ વર્ષની ઉંમરે અભિનેતા જોની લી મિલર સાથે પ્રથમ પ્રેમલગ્ન કર્યાં. સને ૧૯૯૯માં ત્રણ વર્ષમાં તેમની વચ્ચેનો પ્રેમ વરાળ બનીને ઊડી ગયો. એક વર્ષ એકલી રહ્યા બાદ સને ૨૦૦૦માં બિલી બોબ સાથે તેણે પ્રેમલગ્ન કર્યાં. એ સંબંધ પણ ચાર વર્ષ જ ચાલ્યો અને સને ૨૦૦૩માં રેશમની ડોર તૂટી ગઈ. ફરી એક વાર એકલી પડેલી એન્જેલિનાએ પ્રેમલગ્ન કરવાના બદલે લગ્ન પહેલાં પ્રેમમાં રહેવાનું પસંદ કર્યું. તે પોતાના સાથી અભિનેતા બ્રાડ પિટ સાથે લગભગ દસેક વર્ષ લિવ-ઈન રિલેશનશીપમાં રહી.

લગ્ન કર્યા વિના સાથે રહેલાં આ કપલે દુનિયાભરમાંથી મળીને એક ડઝન જેટલાં વંચિત બાળકોને દત્તક પણ લીધાં અને ઉછેર્યાં. છેક સને ૨૦૧૪માં ગયા વર્ષે જ એન્જેલિના અને બ્રાડ પિટે લગ્ન કરી લીધાં. પરસ્પરના પરિપક્વ પ્રેમની સમજણનું આ કપલ શ્રેષ્ઠ ઉદાહરણ પણ બન્યું છે. જો કે એન્જેલિના બ્રાડના સંતાનોની માતા પણ બની છે. પ્રેમ એટલે એકમેકનો આદર અને સમાદર. જો એકમેક પ્રત્યે તમને આદર અને સમાદર યા કાળજી કે લાગણી જેવું કશું જ ન અનુભવાતું હોય તો એવા સંબંધને સાચવી રાખવાનો કોઈ મતલબ નથી. વંધ્ય જમીનમાં ગમે તેટલું ખાતર-પાણી નાખશો, કશું નહીં ઊગે.

**સ્ટોપર :**

"પહેલા તો પ્રેમ તમારી આંખમાં પ્રગટે છે, આંખો વાટે પ્રેમની અનુભૂતિ તમારા હૃદય સુધી પહોંચતો હોય છે."

**– મધર ટેરેસા**

# માય ડિયર ફેસબુક ફ્રેન્ડ...!! કયા હોગા કૌન સે પલમે કોઈ જાને ના...!!



'ઓહ રે તાલ મિલે નદી કે જલમેં નદી મિલે સાગર મેં, સાગર મિલે કૌન સે જલમેં કોઈ જાને ના...' રવિવારે સવારે સાડા સાત વાગ રેટ્રો પર આ ગીત રેલાયું અને અજયે એની પેન કાગળ ઉપાડી 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની એની ફેસબુક પોસ્ટ લખતી શરુ કરી...

'એક વૃક્ષ અપલોડ કરી જુઓ, વાદળોનું ટોળું આવશે લાઈક કરવાં...' વૃક્ષ બચાવો, જીવન બચાવો... દરેકને પોતાનું વાહન છાંયડામાં મૂકવું છે, પણ વૃક્ષ નથી ઉછેરવું... એક એક વાત સાથે એમને અમુક શેર પર ટાંકવાના શરૂ કર્યાં,

'પંખી ઉપર ટહુકે ને નીચે બાળ રમતું હોય છે,
બસ દશ્ય આવું ઝાડવાને ખૂબ ગમતું હોય છે!'

**- 'શિલ્પી' બુરેઠા (કચ્છ)**

સેલફોનમાં પેપર વાંચી પસ્તી બચાવો!
પસ્તી બચાવોને વૃક્ષોની વસ્તી બચાવો!

**- હરિહર શુક્લ...**

એમનો લેખ જામતો હતો ત્યાં ધડામ દઈને ફેરિયો છાપું પછાડી ગયું. એમની પત્ની છાપું અને સાથે ચાનો કપ પકડાવી એના રવિવારી કામમાં જોતરાઈ ગઈ...

લેખ પડતો મુકી અજયે છાપું પકડ્યું, 'આજે ભારત-પાકિસ્તાન વચ્ચે હાઈવોલ્ટેજ ક્રિકેટ મેચ...' 'ગરમીની અગન જવાળામાં શેકાતું શહેર...' 'અથાણાં - છૂંદા માટે કેરીઓ ખરીદવા છેલ્લી ઘડીની માર્કેટમાં ભીડ...' એક બાદ એક હેડલાઈન પરથી નજર ફરતી હતી ત્યાં, 'વડોદરા જઈ રહેલી શહેરની તેજસ્વી યુવતી પૂજા બક્ષીનું બસમાં જ આકસ્મિત મૃત્યુ' સમાચાર વાંચતા જ અજયના હાથમાં રહેલો ચાનો કપ ધ્રુજ્યો અને થોડી આ છાપા પર ઢોળાઈ, અચાનક કોઈ તાજુ ખીલેલું વૃક્ષ કોઈ જાનવર ઝાપટ મારીને તોડી નાંખે એવો ઝાટકો અજયનો આવ્યો...

'મારો મોબાઈલ લાવ તો...' એણે બૂમ પાડી. એ આ સમાચારથી ધ્રુજ્યો હતો કારણ આ છોકરી એની ફૅસબુક ફ્રેન્ડ હતી. તેઓ કયારેય એને મળ્યા નહોતા, અરે! ફોટો સુધ્ધાં જોયા નહોતો. કારણ એના ફૅસબુક એકાઉન્ટમાં એનાં કોઈ અંગત ફોટાં જ નહોતાં... મોબાઈલ આવતાં જ એણે મેસેન્જર સર્ચ કર્યું, અને આખી ઘટના રીલ બની ફરવા લાગી...

> કોઈ અણધારી ઘટે ઘટના, પછી તું સાંભરે,
> ને બધાં તુટી પડે સપના, પછી તું સાંભરે.
> સાંભળે છે તું, છતાં હું સાદ કયાં પાડું તને?
> મૌન જો પડઘાય, તો પડઘા પછી તું સાંભરે!
>
> **- દીપક મહિડા 'દર્પણ'**

બે વર્ષ પહેલાં ગુરુ પૂર્ણિમાએ પહેલો મેસેજ હતો. 'તમે મારાં પ્રેરણામૂર્તિ છો, મારામાં જે સ્પિરિટ આવી છે એ તમારા વિના શક્ય નથી. ગુરુપૂર્ણિમાનાં વંદન સ્વિકાર હો. તમારાં લેખ એ મારા માટે ઈન્સ્પેરેશન છે...' અજયને એ દિવસે બહુ નવાઈ લાગેલી, આપણા લેખ કોઈ માટે લાભદાયી બને? કોઈ આપણને એક ગુરુ જેટલું માન આપે? એમણે સ્ક્રોલ કરવાનું ચાલુ રાખ્યું.

'એક્યુઅલી, ઓલમોસ્ટ તમારાં બધાં આર્ટીકલ ખૂબ સરળ ભાષામાં લખાયેલાં હોય છે. એ ખૂબ ઈફેક્ટિવ અને એનેર્જેટીક હોય છે. અમને રોજબરોજની જિંદગીમાં એક સારા વ્યક્તિ બનવા ટોનિકનું કામ કરે છે...' મેસેજની સાથોસાથ અજયને એ મેસેન્જર ચેટીંગ યાદ આવ્યું જયારે એણે આ બધાનાં ખૂબ ટૂંકા અને માત્ર આભાર વ્યક્ત કરતાં જવાબ આપ્યાં હતાં.

'આજે વિચારોનું વાવાઝોડું લેખ વાંચ્યો, મારાં મનમાં આવા ખરાબ આવી જ કેમ શકે? કેટલી સરસ વાત કહી છે. શિવાંગી અને શ્રદ્ધા બે બહેનપણીઓની ઈર્ષાની સહજ વાત જે ખરેખર આવું બનતું જ હોય છે, એ વાંચી, મને પણ આવો અનુભવ થયો હતો.' કયારેક ખૂબ સારાં માણસોના મનમાં પણ મહાભયંકર વિચાર આવતાં હોય છે.' એ વાત સાથે સહમત છું. તમારા લેખથી મારી એક બહેનપણી વચ્ચેની ગેરસમજ દૂર થઈ...'




અજયને યાદ આવ્યું, હા એ વખતે પૂજા ખુબ ખુશ થઈ હતી. એ કાયમ એમને સર કહીને બોલાવતી...

'સર, આજે મેગીનો માર્ટીકલ, આ હા હા હા, શું વર્ણન કર્યું છે? મેગીનો એક જ ધર્મ છે, બે મિનિટમાં પેકમાંથી પેટમાં જવાની વાત! નોકરી કે શિક્ષણ માટે બહાર નીકળતી નારીની પ્રથમ પસંદગી... અને એમાંય મેગી પરના પ્રતિબંધ માટે ગૃહિણીઓને શું તકલીફો સહન કરવી પડે છે, તુમ કયા જાનો નરેન્દ્ર બાબુ...? લાજવાબ. મેગીના ફાયદા વિશે આટલું લખી શકાય? આનંદ થયો...' પૂજા એ દિવસે ખુશખુશાલ હતી. અજયને હવે સમજાતું હતું કે એ મોટાભાગે સ્ત્રીઓને સ્પર્શના પ્રશ્નોમાં વધુ રસ લેતી હતી. એક દિવસ એનો અલગ જ મેસેજ આવ્યો.

'સર, અમારાં ઘરની સામે એક નવું ઘર બને છે. ત્યાં એક ગલુડીયું પડી ગયું હતું ને રડતા કરતું હતું. એની મા ત્યાં આંટાફેરા મારતી હતી. ત્યાં રમતા નાના બાળકોએ એને પાણી - નાસ્તો આપ્યાં. પછી એમના પેરેન્ટસે ફોન કરી એમની પાસે ચાવી મંગાવી. બાળકો પાંચ-છ કલાક એ ગલુડીયા પાસે જ રહ્યાં. મેં આ મેસેજ તમને એટલા માટે કર્યો કે આ બાળકો નિર્દોષ પ્રાણીનો જીવ બચાવે છે જયારે આતંકવાદી નિર્દોષોને મારે છે... તમે આ વિશે આર્ટિકલ લખજો, આ મારી મમ્મીનો વિચાર છે.' કેટલી સરળ નિર્દોષ અને સ્પષ્ટ વાત, અજય વિચારતો હતો. ગયા વર્ષે માર્ચ મહિનામાં એનો અત્યાર સુધીનો બેસ્ટ મેસેજ હતો.

'ગુડ મોર્નિંગ સર, આજે મારી મોર્નિંગ સાથે જ સુધરી ગઈ. હું ૨૭ વર્ષની છું, મેં એમસીએ કર્યું છે અને હું અત્યારે લગ્ન કરવા નથી માંગતી, કારણ હું હજું માનસિક તૈયાર નથી. આટલી સિમ્પલ વાત લોકો સમજતાં નથી. મારો પરિવાર મોર્ડન વિચાર સરણીવાળો છે. એટલે એમનો સપોર્ટ છે. તમારા લેખની બેસ્ટ લાઈન એટલે 'અમદાવાદની સ્વિટીના સમાજમાં ગણગણાટ છે કે આ લગ્ન નથી કરતી એટલે નક્કી કંઈ લોચો છે. બેસ્ટ આર્ટિકલ...'

આ એનો છેલ્લો મેસેજ હતો. એ પછી કયારેય મેસેજ કર્યાનું યાદ નથી. આજે છાપામાં ખબર વાંચી એટલે માત્ર ફૅસબુક ફ્રેન્ડના નાતે આ ચેટ ફરી વાંચી. અજયે ચાનો કપ મોંઢે માંડ્યો તો એને એમાં ખારાશ લાગી ત્યારે ખબર પડી કે વહેલાં આંસુ કપમાં જઈને સમાયાં છે. પર્યાવરણ દિવસે વૃક્ષ વાવવાની કે ઉછેરવાની જગ્યાએ લાકડામાં સમાઈ ગયેલી પૂજા અજયને વ્યથિત કરી ગઈ. એ મનોમન બોલતો હતો, 'માય ડિયર ફૅસબુક ફ્રેન્ડ, આપણે મળ્યાં નહોતા, જાણતાં નહોતાં પણ જેમ તને મારાં લેખથી પ્રેરણા મળતી એમ મને પણ તારાં મેસેજથી પ્રોત્સાહન મળતું, ગુડબાય ડિયર...' રેડિયો પણ વાગેલા ગીતની 'કયા હોગા કૌન સે પલ મેં કોઈ જાને ના... ગીતની પંક્તિ અજયમાં મનમાં પડઘાં પાડતી હતી!'

**ચૂંટલો :**

કયારેક કોઈ બિલકુલ અપરિચિત, અજાણ્યાં, જેમને કયારેય રૂબરૂ ના મળ્યા હોય એવા લોકોની વિદાય પણ હચમચાવી જતી હોય છે. વર્ચ્યુલ ફ્રેન્ડશીપથી થયેલા સંબંધના મિત્રની આકસ્મિક વિદાય જો અશ્રુ પડાવી શકે તો સમજવું કે હજુ આપણાં અંદર લાગણીના વૃક્ષો હર્યાભર્યા છે!